# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**ખેડામાં માનવતા લજવતી ઘટના | સગીરાને 'લવ જેહાદ'ની જાળમાં ફસાવી શોષણ કર્યું**

# ખેડામાં સગીરા પર 9 નરાધમનું ત્રણ વર્ષ સુધી સામૂહિક દુષ્કર્મ

**મુખ્ય આરોપીએ** વિડીયો ઉતારી બ્લેકમેલ કરી 8 મિત્રો સાથે મળી પીંખી નાખી

(પ્રતિનિધિ) નડિયાદ તા.17

ખેડા ટાઉનમાં સગીર દીકરી સાથેની અત્યંત આઘાતજનક અને માનવતા લજવતી ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. વિધર્મી યુવકોએ પૂર્વઆયોજિત કાવતરું રચી એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી છેલ્લા 3 વર્ષથી તેના પર સામૂહિક દુષ્કર્મ ગુજાર્યું હોવાની વિગતો બહાર આવી છે. મુખ્ય આરોપીએ સગીરાના વાંધાજનક વિડીયો ઉતારી તેને વાયરલ કરવાની ધમકી આપી પોતાના 8 મિત્રો સાથે મળી સગીરાને અવારનવાર પીંખી નાખી હતી. આ મામલે ખેડા ટાઉન પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધી 8 નરાધમોની ધરપકડ કરી લીધી છે.

પોલીસ ફરિયાદ મુજબ, આ સમગ્ર મામલો વર્ષ 2023થી શરૂ થયો હતો. મુખ્ય આરોપી પરવેઝ પઠાણે ભોગ બનનાર સગીરાને ફોસલાવીને વિશ્વાસમાં લીધી હતી અને ત્યારબાદ તેના કપડાં વગરના ફોટા તથા વિડીયો ઉતારી લીધા હતા. આ વિડીયોના આધારે પરવેઝે બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું અને આ વિડીયો તેના અન્ય મિત્રોને પણ બતાવ્યા હતા. બાદમાં પરવેઝ સહિત કુલ 9 જેટલા વિધર્મી યુવકોએ સગીરા પર અવારનવાર બળાત્કાર ગુજાર્યો હતો.

આ નરાધમો દ્વારા આચરવામાં આવેલું આ ઘૃણાસ્પદ કૃત્ય વર્ષ 2023થી શરૂ થઈને વર્ષ 2025ના રમઝાન માસ પહેલા સુધી સતત ચાલતું રહ્યું હતું. આરોપીઓ સગીરાને વિડીયો વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાથી ડરના માર્યા સગીરા આ નરક સમાન અત્યાચાર સહન કરતી રહી હતી. આ ઘટનામાં પરવેઝ પઠાણ ઉપરાંત માહિર, ફૈઝાન, તૌફીક અને સાહીલ જેવા શખ્સો સામેલ હોવાનું ખુલ્યું છે. હાલ આ અંગે સ્થાનિક પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.

### પોલીસની ત્વરિત કાર્યવાહી કરી 8ને સકંજામાં લીધાં

આ મામલે સગીરાના પરિવારને જાણ થતા અને હિન્દુ સંગઠનોની દરમિયાનગીરી બાદ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. ખેડા ટાઉન પોલીસે અત્યંત ગંભીરતા દાખવી ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી પરવેઝ સહિત 8 આરોપીઓને રાઉન્ડ અપ કરી લીધા છે. હાલમાં પોલીસ દ્વારા અન્ય ફરાર આરોપીઓની શોધખોળ અને સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

### ખેડા જિલ્લામાં ભારે રોષ ફેલાયો

ખેડાના લવ જેહાદના આ કથિત કિસ્સા અને સગીરા સાથે થયેલા અત્યાચારના સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર ખેડા જિલ્લામાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોલીસે આ મામલે પોક્સો એક્ટની કડક કલમો હેઠળ ગુનો દાખલ કરીને તપાસ તેજ બનાવી છે.

# ચકલાસી સીમમાં આડા સંબંધની શંકામાં યુવકની ક્રૂર હત્યા કરાઈ

**ભાભી** સાથેના આડા સંબંધની શંકાએ દિયરે પાડોશી યુવકને રસ્તામાં આંતરી હુમલો કરાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.17

નડિયાદ તાલુકાના ચકલાસી સીમ વિસ્તારમાં આવેલા જાદવપુરામાં પ્રેમ સંબંધની શંકાએ એક 29 વર્ષીય યુવકની નિર્મમ હત્યા કરાતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે. દિયરે પોતાની ભાભી સાથે પાડોશી યુવકને સંબંધ હોવાની શંકા રાખી તેને રસ્તામાં આંતરી લાકડીઓ વડે બેરહેમીપૂર્વક માર માર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જે મામલે પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

નડિયાદ તાલુકાના ચકલાસી પોલીસ સ્ટેશનની હદમાં આવતા જાદવપુરા વિસ્તારમાં રહેતો અજય જેણાભાઈ જાદવ નામનો યુવક ગત 16મી તારીખની રાત્રે આશરે 8 વાગ્યાના અરસામાં જ્યારે પોતાના ઘરે જઈ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી. આ જ વિસ્તારમાં રહેતા વિશાલ ઉર્ફે પલ્લુ મનુભાઈ જાદવને એવી શંકા હતી કે અજય જાદવને તેની ભાભી શિલ્પા સાથે પ્રેમ સંબંધ છે. આ શંકાના આધારે વિશાલે અજયને રસ્તામાં આંતર્યો હતો અને બોલાચાલી કરી ઠપકો આપ્યો હતો. જોતજોતામાં મામલો ઉગ્ર બન્યો હતો અને ઉશ્કેરાયેલા વિશાલે અજય પર લાકડીઓ વડે હુમલો કર્યો હતો.

આ કેસમાં હુમલાખોર વિશાલે અજયના શરીરના નાજુક ભાગો પર લાકડીઓના ઉપરાછાપરી ઘા ઝીંકતા અજય લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. માર એટલો ગંભીર હતો કે સારવાર મળે તે પહેલા જ અજયનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ થતા જ ચકલાસી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. આ મામલે મૃતકના પિતા જેણાભાઈ વાઘજીભાઈ જાદવની ફરિયાદના આધારે ચકલાસી પોલીસે આરોપી વિશાલ ઉર્ફે પલ્લુ સામે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ ફરાર થઈ ગયેલા આરોપી વિશાલની અટકાયત કરી લીધી છે.

**પાક અને પશુઓની માવજત માટે ખાસ સલાહ**

# આણંદ જિલ્લામાં ગરમીનો પારો 40 ડિગ્રીએ જ રહેશે

**આગામી** પાંચ દિવસ આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેવાનું અનુમાન

(પ્રતિનિધિ) આણંદ તા.17

ભારત મૌસમ વિભાગ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલા હવામાન બુલેટિન મુજબ, આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા છે. જિલ્લામાં મહત્તમ તાપમાન 39થી 40 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 24 થી 25 ડિગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરવામાં આવી છે. આ વધતી જતી ગરમી અને તાપમાનને ધ્યાનમાં રાખીને ખેડૂતોને તેમના પાક અને પશુધનની સુરક્ષા માટે વિશેષ કૃષિ સલાહ આપવામાં આવી છે.

હવામાનની આગાહી અને ગરમીની સ્થિતિ આગામી 22મી એપ્રિલ દરમિયાન આકાશ અંશતઃ વાદળછાયું થી મુખ્યત્વે ચોખ્ખું રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ 25થી 85 ટકાની વચ્ચે રહેશે, જ્યારે પવનની ગતિ 9થી 14 કિમી/કલાક રહેવાની શક્યતા છે. પવનની દિશા મુખ્યત્વે ઉત્તર-પશ્ચિમ તરફ રહેશે. અગાઉના અઠવાડિયામાં મહત્તમ તાપમાન 41.4 ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાયું હતું. જેમાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં હતાં.

આ ગરમીની પશુઓ પર માઠી અસર ન થાય તે માટે પશુપાલકોને ખાસ તકેદારી રાખવા જણાવાયું છે.

**લુણાવાડાના કમાલપુર તળાવમાં ફેંકી દીધેલી લાશનો ભેદ ઉકેલાયો**

# પ્રેમમાં અંધ બનેલી દીકરીએ જ પ્રેમી સાથે મળીને માતાની હત્યા કરાવી

**લગ્નમાં** અડચણરૂપ બનતી માતાનો 'કાંટો કાઢવા' દીકરીએ રચ્યું ખૌફનાક કાવતરું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.17

મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કમાલપુર ગામે આવેલા નાકા તળાવમાંથી 14મી એપ્રિલના રોજ મળી આવેલી 32 વર્ષીય મહિલાની ભેદી લાશના કેસમાં અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, માત્ર પ્રેમ સંબંધની આડમાં સગી દીકરીએ જ પોતાના પ્રેમી સાથે મળીને જનેતાની હત્યા કરાવી હતી. કોઠંબા પોલીસે ગણતરીના દિવસોમાં જ આ અંધાપા હત્યાકેસનો પર્દાફાશ કરી દીકરી, તેનો પ્રેમી અને સાગરીતોની ધરપકડ કરી છે.



પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર, મૃતક પિન્કીબેન બારીયાની દીકરીને કમલેશ નામના યુવક સાથે પ્રેમ સંબંધ હતો. પિન્કીબેને દીકરીનું લગ્ન અન્ય જગ્યાએ નક્કી કર્યું હતું, જે કમલેશે મૌકુફ રખાવ્યું હતું. બંને પ્રેમીઓ લગ્ન કરવા માંગતા હતા, પરંતુ માતા તેમાં અવરોધ રૂપ બનતા હોવાથી, દીકરીએ જ પ્રેમી કમલેશને ઉશ્કેરીને માતાનો 'કાંટો કાઢી નાખવા' ખૌફનાક ષડયંત્ર રચ્યું હતું.

આ ગુનામાં પિન્કીબેન સાથે સંબંધ ધરાવતો જયેશ નામનો શખ્સ પણ સામેલ થયો હતો. 13મી એપ્રિલની રાત્રે આયોજનબદ્ધ રીતે પિન્કીબેનને બાજરીના ખેતરમાં બોલાવવામાં આવ્યા હતા, જ્યાં કમલેશ, જયેશ અને અન્ય મિત્રોએ મળીને તેમનું ગળું દબાવી હત્યા કરી નાખી હતી. બાદમાં પુરાવાનો નાશ કરવાના ઈરાદે હત્યારાઓ લાશને મોટરસાયકલ પર લઈ ગયા હતા અને કમાલપુરના નાકા તળાવમાં ફેંકી દીધી હતી.

આ મામલો શરૂઆતમાં અકસ્માત મોતનો લાગતો હતો, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગળું દબાવવાને કારણે મોત થયું હોવાનું ખૂલતા પોલીસે તપાસ તેજ કરી હતી અને ટેકનિકલ સોર્સની મદદથી સમગ્ર હત્યાકાંડનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# ખંભાતના 5 ખેતરમાંથી 1.40 લાખના ઘાસના ગઠ્ઠા ચોરાયાં

**ગુડેલ,** મીતલી અને ગોલાણાની સીમમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો

(પ્રતિનિધિ) ખંભાત, તા.17

ખંભાતના ગુડેલ, મીતલી અને ગોલાણા ગામની સીમમાં આવેલા પાંચ અલગ-અલગ ખેતરોમાંથી અજાણ્યા તસ્કરો ડાંગરના ઘાસના અંદાજે 1900 જેટલા ગંઠ્ઠાની ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ તમામ બનાવો અંગે ખંભાત રૂરલ પોલીસ મથકે વિધિવત ફરિયાદો નોંધાઈ છે.

ખેડૂતોએ ઉનાળુ પાકની તૈયારીઓ વચ્ચે ખેતરમાં ડાંગરના ઘાસના ગંઠ્ઠા બનાવીને થપ્પા કર્યા હતા. તસ્કરોએ આ સ્થિતિનો લાભ ઉઠાવીને રાત્રિના સમયે વાહન લઈને આવી ખેતરોમાંથી ગંઠ્ઠાની ઉઠાંતરી કરી હતી. આ ચોરીમાં ગોલાણા ગામમાં હરપાલસિંહ મૂળજીભાઈ પરમારના ખેતરમાંથી રૂ. 40 હજારની કિંમતના 500 નંગ અને ભરતસિંહ પ્રતાપસિંહ પરમારના ખેતરમાંથી રૂ. 36 હજારની કિંમતના 450 નંગ ગંઠ્ઠાની ચોરી થઈ છે. મીતલી ગામમાં વિજયસિંહ ભગવતભાઈ બારડના ખેતરમાંથી 36 હજારની કિંમતના 450 નંગ ગંઠ્ઠા તસ્કરો ચોરી ગયા છે. જ્યારે ગુડેલ ગામમાં વિજયભાઈ જહાભાઈ ભરવાડના ખેતરમાંથી રૂ. 16 હજારની કિંમતના 200 નંગ અને છનુભાઈ દાનુભાઈ ગોહિલના ખેતરમાંથી રૂ. 24 હજારની કિંમતના 300 નંગ ગંઠ્ઠાની ઉઠાંતરી કરવામાં આવી છે. આમ, તસ્કરોએ પાંચેય ખેતરોમાં ઉધમપાત મચાવી કુલ રૂ. 1.40 લાખની મત્તાની ચોરી કરી છે. ભોગ બનેલા ખેડૂતોએ અજાણ્યા ચોર ઈસમો સામે ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી તપાસની માંગ કરી છે.

**એન્ટીક સિક્કા અને સોનાના બિસ્કીટના બહાને ખેલ પાડ્યો**

# બોરસદમાં મહિલા વેપારી સાથે ₹46.87 લાખની છેતરપિંડી

**અમદાવાદની** મહિલાને નાપાના ફાર્મ હાઉસ પર બોલાવી વિશ્વાસ કેળવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.17

અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા અને ફાઈનાન્સ કંપની ચલાવતા એક મહિલા વેપારીને એન્ટીક સિક્કા અને સસ્તા સોનાના બિસ્કીટ આપવાની લાલચ આપી ગઠીયાઓ રૂપિયા 46.87 લાખનો ચૂનો લગાવી ફરાર થઈ ગયા છે. સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્ક કરી, આણંદ જિલ્લાના નાપા ગામના એક ફાર્મ હાઉસ પર બોલાવી આ સમગ્ર ઠગાઈ આચરી હતી.

અમદાવાદના ગોતામાં રહેતા અંજનાબેન પરીક્ષીતભાઇ પટેલે પોતાના ધંધાના માર્કેટિંગ માટે ફેસબુક પર પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટ પરના નંબર દ્વારા રાજકોટના રાજુ ઢોળકીયા નામના શખ્સે તેમનો સંપર્ક કર્યો હતો અને એક એન્ટીક સિક્કા દ્વારા કરોડોની કમાણી થશે તેવો વિશ્વાસ અપાવી પ્રારંભમાં 87,500 પડાવ્યા હતાં. બાદમાં વધુ નાણાંની જરૂરિયાતનો ફાયદો ઉઠાવી, ગઠિયાઓએ અંજનાબેનને આણંદના નાપા ગામના રાજુભાઈ કચ્છી પટેલના ફાર્મ હાઉસ પર બોલાવ્યા હતાં.

આ ગઠીયાઓએ મહિલાનો વિશ્વાસ જીતવા માટે પ્રથમ તેમને એક અસલી સોનાનું બિસ્કીટ આપ્યું હતું. આ યુક્તિમાં ફસાઈને મહિલાએ અન્ય 5 સોનાના બિસ્કીટનો ઓર્ડર આપ્યો હતો. ગઠિયાઓએ અલગ-અલગ સમયે આંગડિયા મારફતે અને રોકડ મળીને કુલ 46.87 લાખ રૂપિયા પડાવી લીધા હતાં.

અલબત્ત, છેતરપિંડીના અંતિમ તબક્કે, ગઠિયાઓ સામખીયારી પાસેથી 28 લાખ રૂપિયા ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયા હતા. આ ઘટના બાદ પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા અંજનાબેને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બોરસદ રૂરલ પોલીસે આ મામલે રાજુ રાહાભાઈ ઢોળકીયા (રાજકોટ), રાજુભાઈ કચ્છી પટેલ (નાપા તલપદ) સહિત કુલ 6 શખ્સો સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદ મનપા વોર્ડ નં.4ની એક જ બેઠક પર 'આપ'ના બે ઉમેદવારો!

**મહિલા** પછાત બેઠક પર બે ઉમેદવારોને મેન્ડેટ અપાતા ગૂંચવણ સર્જાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.17

કરમસદ - આણંદ મનપાના વોર્ડ નં.4માં મહિલા પછાત બેઠક પર આપ પાર્ટી દ્વારા બે ઉમેદવારને મેન્ડેટ આપતા ભારે ગુંચવણ સર્જાઇ છે. ચૂંટણીમાં ફોર્મ ભરવાની અને પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં આ મામલો બહાર આવ્યો છે.

કરમસદ - આણંદ મનપાના વોર્ડ નં. 4માં મહિલા પછાત બેઠક પર આમ આદમી પાર્ટી (આપ) દ્વારા બે મહિલા ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવતા ભારે કૌતુક અને ગૂંચવણભરી સ્થિતિ સર્જાઈ છે. ચૂંટણી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી અંતિમ યાદીમાં વોર્ડ નં. 4ની મહિલા પછાત બેઠક પર આમ આદમી પાર્ટીના બે ઉમેદવારોના નામ સામેલ છે.

આ યાદીના ક્રમાંક 7 પર પુષ્પાબેન પિયુષભાઈ વાઘેલા અને ક્રમાંક 9 પર બેન્જીરબેન અશરફભાઈ વ્હોરાનું નામ પક્ષના સત્તાવાર ઉમેદવાર તરીકે દર્શાવવામાં આવ્યું છે. સામાન્ય રીતે કોઈપણ રાજકીય પક્ષ દ્વારા એક બેઠક પર માત્ર એક જ ઉમેદવારને મેન્ડેટ આપવામાં આવતો હોય છે, પરંતુ અહીં એક જ બેઠક પર બે ઉમેદવારોને મેન્ડેટ અપાતા સમગ્ર મામલે કોકડું ગૂંચવાયું છે. આ આંતરિક ગૂંચવણને કારણે હવે ચૂંટણી મેદાનમાં શું સ્થિતિ સર્જાશે તે ચર્ચાનો વિષય બન્યો છે.

અલબત્ત, આ કિસ્સો રાજકીય રીતે મતદારો માટે પણ કસોટીનો વિષય બન્યો છે. જેથી પરિણામ પર સૌની નજર રહેશે.

# આણંદની ટીબી હોસ્પિટલ પાછળ માર્ગ પર ગટરના પાણી ફરી વળ્યાં

**ગંદા પાણીમાંથી** 25થી વધુ સોસાયટીના રહીશોને પસાર થવું મુશ્કેલ (પેટા)

(પ્રતિનિધિ) આણંદ તા.17

આણંદ શહેરના વોર્ડ નં. 3 માં આવેલી ટીબી હોસ્પિટલ પાછળના વિસ્તારમાં હાલ નરકાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. કાળઝાળ ગરમી વચ્ચે આ વિસ્તારમાં છેલ્લા સાત દિવસથી ગટરના ગંદા પાણી મુખ્ય માર્ગો પર ફરી વળ્યા છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં પાલિકા તંત્ર અને રાજકીય નેતાઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, આ વિસ્તારમાં આવેલી મસ્જિદ-એ-યુનુસથી લઈ રોયલ પાર્ક, સકીના પાર્ક અને મસ્જિદ સુધીના તમામ માર્ગો ગટરના પાણીથી ઉભરાઈ રહ્યા છે. આ માર્ગો પરથી અંદાજે 25 જેટલી નાની-મોટી સોસાયટીના રહીશો અવરજવર કરે છે. આ ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર બનવું પડે છે, જે અત્યંત આક્રોશનો વિષય બન્યો છે.


આ અંગે સ્થાનિકોનો આક્ષેપ છે કે સાત-સાત દિવસથી ગટરના પાણી ભરાયેલા હોવા છતાં કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. અસહ્ય દુર્ગંધને કારણે આસપાસ રહેવું પણ મુશ્કેલ બન્યું છે. લોકોમાં એવી ચર્ચા છે કે, ચૂંટણી સમયે મોટા મોટા વચનો આપી વોટ લેવા આવતા નેતાઓ અત્યારે જનતાની આ તકલીફ જોવા આવતા નથી.

# કરમસદમાં અદ્યતન S-ICD ટેકનોલોજી દ્વારા હૃદયરોગના દર્દીને નવજીવન મળ્યું

**કરમસદની** શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં મેડિકલ ક્ષેત્રે સીમાચિહ્નરૂપ સિદ્ધિ

(પ્રતિનિધિ) આણંદ તા.17

મધ્ય ગુજરાતમાં તબીબી ક્ષેત્રે એક મોટી પ્રગતિના ભાગરૂપે કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલે જિલ્લામાં પ્રથમ અને ગુજરાતમાં બીજા નંબરનું સફળ S-ICD (સબક્યુટેનિયસ ઈમ્પ્લાન્ટેબલ કાર્ડિયોવર્ટર ડિફિબ્રિલેટર) ઈમ્પ્લાન્ટેશન કરીને ઈતિહાસ રચ્યો છે. આ અત્યાધુનિક મેડિકલ ડિવાઈસ દ્વારા અચાનક



હૃદય બંધ થઈ જવાને કારણે થતા મૃત્યુના જોખમને નિવારી શકાય છે.

કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલના ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ડો. કુશલ પુજારાના જણાવ્યા અનુસાર, 76 વર્ષના એક વરિષ્ઠ દર્દી જેમને અગાઉ ગંભીર હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને હૃદયનું પમ્પિંગ નબળું પડી ગયું હતું, તેમનામાં આ ઉપકરણ બેસાડવામાં આવ્યું છે. હૃદયના સ્નાયુઓમાં કાયમી ડાઘ પડવાને કારણે ધબકારા અનિયમિત થવાનું અને હૃદય અચાનક બંધ પડવાનું જોખમ હતું.

સામાન્ય આઈસીડી કરતા આ એસ-આઈસીડી અલગ છે. કારણ કે તેને હૃદય કે રક્તવાહિનીની અંદર મૂકવામાં આવતું નથી, પરંતુ છાતીની ચામડીની નીચે બેસાડવામાં આવે છે. જેનાથી રક્તવાહિનીમાં ચેપ કે ઈજા થવાનું જોખમ નહિવત રહે છે. આ ડિવાઈસ હૃદયના ધબકારાનું સતત નિરીક્ષણ કરે છે અને જ્યારે ધબકારા અસામાન્ય રીતે ઝડપી બને ત્યારે હૃદયને 'શોક' (આંચકો) આપીને ફરી સામાન્ય સ્થિતિમાં લાવે છે.

આ ઉપરાંત હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડો. જિતેશ દેસાઈએ આ સફળતાને મધ્ય ગુજરાતના દર્દીઓ માટે આશીર્વાદરૂપ ગણાવી છે. દર્દીએ પણ અમદાવાદ જેવી મોટી હોસ્પિટલોના બદલે કરમસદમાં ઉપલબ્ધ આ આધુનિક સુવિધા અને ડોકટરોની કુશળતા પર વિશ્વાસ વ્યક્ત કરીને ઘરની નજીક જ સારવાર લેવાનું પસંદ કર્યું હતું.



બોસ્ટન સાયન્ટિફિક દ્વારા વિકસિત આ ટેકનોલોજી આગામી સમયમાં હૃદયરોગના ગંભીર દર્દીઓ માટે જીવનરક્ષક સાબિત થશે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225